(૨૨) સ્ત્રીપુત્રાદિક અનુકૂલ હોય તો સેવા તેમની પાસે પણ કરાવવી; ઉદાસીન રહે તો પોતે સેવા કરવી, અને પ્રતિકૂલ બને તો પોતે ઘર છોડવું.

(૨૩) પોતાના શ્રીઠાકોરજી આત્મસંબંધી છે, જન્મ-જન્મના સ્વામી છે અને સ્ત્રી-પુત્રો વગેરે દેહ સંબંધી છે. તેથી પ્રભુનો ક્યારેય ત્યાગ કરવો નહીં.

(૨૪) પ્રથમ શ્રીઠાકોરજીનું ચિંતન (શરણ)કરીને સર્વ કાર્ય કરવાં.

卐 卐 卐

## "ગીતા-ગુંજન"

(૧) ભગવાનની માયા દૈવી છે, ગુણમયી છે, તરવી કઠિન છે, શ્રીકૃષ્ણને શરણે જાય, તે જ માયાને તરે.

(૨) ચિંતન કરનારા જે અનન્ય લોકો, કૃષ્ણનું પર્યુપાસન કરે છે. તેમનું યોગક્ષેમ ભગવાન્ વહન કરે છે.

(૩) ક્ષારરૂપ-જગત અને કુટસ્થ-અક્ષર કરતાં પણ ઉત્તમ હોવાથી ભગવાન શ્રીકૃષ્ણ લોકવેદમાં પુરુષોત્તમરૂપે પ્રસિદ્ધ છે.

(૪) જે અત્યંત દુરાચારી પણ અનન્ય થઈને શ્રીકૃષ્ણને ભજે તેને સાધુ જ જાણવો. તે નિશ્ચિતપણે નિશ્ચિતં બને છે.

(૫) જે પાપયોનીવાળા જીવો, સ્ત્રી, વૈશ્ય કે શુદ્ર પણ ભગવાન શ્રીકૃષ્ણનો અનન્ય-આશ્રય કરે તેને પરમ પદની પ્રાપ્તિ થાય.

(૬) શ્રીકૃષ્ણમાં જ મન રાખવું, શ્રીકૃષ્ણનું જ સેવન કરવું, શ્રીકૃષ્ણની જ ભક્તિ કરવી, તેથી શ્રીકૃષ્ણ જ પ્રાપ્ત થાય. આવા લોકો પ્રભુને પ્રિય થાય છે.

(૭) સર્વ ધર્મ છોડી, અનન્ય ભાવે એક માત્ર ભગવાન શ્રીકૃષ્ણને જ શરણે જવું, બધા દોષ કે પાપ તેથી દૂર થાય.

卐 卐 卐



## નિત્ય શું શું કરવું જોઈએ.

### સેવા - સ્મરણ નિત્ય કરવું.

(૧) નિત્ય નિયમના પાઠ-સ્તોત્ર ઉપરાંત ભક્તિવર્ધિની અને સિદ્ધાન્ત મુકતાવલી અવશ્ય કરવી.

(૨) મધુરાષ્ટક, કૃષ્ણશરણાષ્ટક

(૩) હરિરાયજી કૃત નિત્યલિલા

(૪) અથ શ્રી ગોવર્ધનવાસીનું પદ

(૫) સાગરો, કુંજ-નિકુંજો

(૬) ત્રિવિધ નામાવલિ

(૭) પુષ્ટિમાર્ગના પાંચ તત્વનું ધોળ

(૮) શ્રી ગોવર્ધનનાથજીના પ્રાગટયનું ધોળ

(૯) આઠ સમયના દર્શનની ઝાંખીનું પદ

(૧૦) પુરૂષોત્તમ સહસ્ત્ર
(આખો ના થાય તો અઠવાડિયે એક પાઠ થાય તો પ... અઠવાડિયે શ્રીમદ્ ભાગવત નું એક પારાયણ ... ફળ મળે છે.)

(૧૧) ૮૪ - ૨૫૨ વૈષ્ણવોની વાર્તા વાંચવી
(સંજોગોવશાત ધોળ પણ બોલી શકાય)

(૧૨) ભક્તિયોગ

(૧૩) કૃષ્ણ ચરિત્ર

(૧૪) વિનંતી અને આશ્રયના પદો

(૧૫) અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ
(તા. ક. - સમય અનુસાર ક્રમ ગોઠવવો જોઈએ.)